અરબી-ગુજરાતી

# કુરઆને મજીદ

## પારા-૧૫

## - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

... Kitab Downloaded from ...
www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

hajinajitrust@gmail.com

# અનુક્રમણિકા


| નં. | સૂરાનું નામ | પેજ |
|---|---|---|
| ૧૭ | સૂર-એ-બની ઈસરાઈલ<br>(આયત ૧ થી ૧૧૧) | ૪ |
| ૧૮ | સૂર-એ-કહફ<br>(આયત ૧ થી ૭૪) | ૭૮ |

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

سُبۡحٰنَ الَّذِیۡۤ اَسۡرٰی بِعَبۡدِہٖ لَیۡلًا مِّنَ الۡمَسۡجِدِ الۡحَرَامِ اِلَی
الۡمَسۡجِدِ الۡاَقۡصَا الَّذِیۡ بٰرَکۡنَا حَوۡلَہٗ لِنُرِیَہٗ مِنۡ اٰیٰتِنَا ؕ اِنَّہٗ
ہُوَ السَّمِیۡعُ الۡبَصِیۡرُ ﴿۱﴾

(૧) પાક છે તે જાત કે જે રાતો રાત પોતાના બંદા (મોહમ્મદ સ.અ.વ.)ને મસ્જિદુલ હરામ (બયતુલ્લાહ)થી મસ્જિદે અકસા (બયતુલ મુકદ્દસ) તરફ લઇ ગયો જેની આસપાસ (ની ભૂમિ)ને ખુદ

અમોએ બરકતવાળી બનાવી છે કે જેથી અમે તેને અમારી નિશાનીઓમાંથી કેટલીક દેખાડી દઇએ; બેશક તે મોટો સાંભળનાર (અને) દેખનારો છે.

وَاٰتَيۡنَا مُوۡسَى الۡكِتٰبَ وَجَعَلۡنٰهُ هُدًى لِّبَنِىۡۤ اِسۡرَآءِيۡلَ اَلَّا
تَتَّخِذُوۡا مِنۡ دُوۡنِىۡ وَكِيۡلًا ؕ ۲

(૨) અને મૂસાને અમોએ (તૌરેત) કિતાબ આપી હતી અને તેને બની ઇસરાઇલ માટે હિદાયત (સન્માર્ગ દર્શક) બનાવી હતી (અને સાથેજ એવી આજ્ઞા પણ કરી હતી) કે મારા સિવાય કોઇને પણ કાર્યસાધક બનાવો નહિ.

ذُرِّيَّةَ مَنۡ حَمَلۡنَا مَعَ نُوۡحٍ ؕ اِنَّهٗ كَانَ عَبۡدًا شَكُوۡرًا ۳

(3) (આ બની ઇસરાઇલ) તે (લોકો)ની ઔલાદ હતી કે જેમને અમોએ નૂહની સાથે કશ્તીમાં સવાર કરાવ્યા હતા; નિઃસંશય તે (નૂહ) અતિશય આભાર માનનારો બંદો હતો.

وَقَضَيْنَآ اِلٰى بَنِيْٓ اِسْرَآءِيْلَ فِي الْكِتٰبِ لَتُفْسِدُنَّ فِي الْاَرْضِ
مَرَّتَيْنِ وَلَتَعْلُنَّ عُلُوًّا كَبِيْرًا ④

(૪) અને અમોએ એજ કિતાબ (તૌરેત)માં બની ઇસરાઇલને ખબર આપી હતી કે તમે પૃથ્વી પર બે વખત અવશ્ય ફસાદ કરશો અને (વળી) ખરેજ મોટી ઉધ્ધતાઇ સાથે વર્તશો.

فَاِذَا جَآءَ وَعۡدُ اُوۡلٰىهُمَا بَعَثۡنَا عَلَيۡكُمۡ عِبَادًا لَّنَاۤ اُولِىۡ بَاۡسٍ
شَدِيۡدٍ فَجَاسُوۡا خِلٰلَ الدِّيَارِ‌ ؕ وَكَانَ وَعۡدًا مَّفۡعُوۡلًا ۝٥

(૫) પછી જ્યારે બે વાયદાઓ માંના પહેલાનો સમય આવ્યો ત્યારે અમોએ તમારી વિરૂધ્ધ અમારા મહાન યોધ્ધા મોકલી દીધા જેથી તેઓ શહેરના અંદરના ભાગમાં ફરી વળ્યા; અને (અમારો અઝાબનો) વાયદો પૂરો થનાર હતો તે થઇને રહ્યો.

ثُمَّ رَدَدۡنَا لَـكُمُ الۡكَرَّةَ عَلَيۡهِمۡ وَاَمۡدَدۡنٰكُمۡ بِاَمۡوَالٍ وَّبَنِيۡنَ
وَجَعَلۡنٰكُمۡ اَكۡثَرَ نَفِيۡرًا ۝٦

(૬) પછી અમોએ તમને તેમના પર પાછી પ્રબળતા આપી અને સંપત્તિ અને સંતતિ વડે તમારી સહાય કરી અને સંખ્યાની રૂએ પણ તમને ઘણા વધારી દીધા.

اِنْ اَحْسَنْتُمْ اَحْسَنْتُمْ لِاَنْفُسِكُمْ ۣ وَاِنْ اَسَاْتُمْ فَلَهَا ؕ فَاِذَا جَآءَ وَعْدُ الْاٰخِرَةِ لِيَسُوْٓءٗا وُجُوْهَكُمْ وَلِيَدْخُلُوا الْمَسْجِدَ كَمَا دَخَلُوْهُ اَوَّلَ مَرَّةٍ وَّلِيُتَبِّرُوْا مَا عَلَوْا تَتْبِيْرًا ۝۷

(૭) અગર તમે કોઇ નેકી કરશો તો તમારા પોતાના (લાભ) માટેજ નેકી કરશો, અને જો તમે બદી કરશો તો તે પણ તમારા પોતાના માટેજ કરશો. પછી જ્યારે બીજા વાયદાનો (સમય)

આવ્યો (ત્યારે અમોએ બીજા લોકોને મોકલ્યા) કે (જેથી તમને શિક્ષા કરી) તેઓ તમારા મોંઢા બગાડી નાખે તથા મસ્જિદમાં એવી રીતે ઘુસી જાય કે જેવી રીતે પ્રથમ વાર તેઓ તેમાં ઘુસી ગયા હતા. અને પછી તેમનું જે જે વસ્તુઓ પર જોર ચાલે તેને ભાંગી તોડી સંપૂર્ણ નાશ કરી નાખે.

عَسٰى رَبُّكُمْ اَنْ يَّرْحَمَكُمْ ۚ وَاِنْ عُدْتُّمْ عُدْنَا ۘ وَجَعَلْنَا جَهَنَّمَ لِلْكٰفِرِيْنَ حَصِيْرًا ⑧

(૮) (પરંતુ) સંભવિત છે કે તમારો પરવરદિગાર તમારા પર દયા કરે, અને અગર તમોએ પછી પણ એજ (નાફરમાની તરફ મોઢું) કર્યું તો અમે

પણ એજ કરીશું; અને અમોએ (સત્યનો) ઇન્કાર કરનારાઓ માટે જહન્નમને કૈદખાનું બનાવ્યું છે.

إِنَّ هَٰذَا الْقُرْآنَ يَهْدِي لِلَّتِي هِيَ أَقْوَمُ وَيُبَشِّرُ الْمُؤْمِنِينَ
الَّذِينَ يَعْمَلُونَ الصَّالِحَاتِ أَنَّ لَهُمْ أَجْرًا كَبِيرًا ﴿٩﴾

(૯) બેશક આ કુરઆન તે માર્ગ દેખાડે છે કે જે સૌથી સીધો છે અને તે મોઅમીનોને કે જેઓ નેકીઓ કરતા રહે છે આ ખુશખબર સંભળાવે છે કે તેમના માટે ઘણો મોટો બદલો છે.

وَأَنَّ الَّذِينَ لَا يُؤْمِنُونَ بِالْآخِرَةِ أَعْتَدْنَا لَهُمْ عَذَابًا أَلِيمًا ﴿١٠﴾

(૧૦) અને આ કે જેઓ આખેરત ઉપર ઇમાન નથી રાખતા તેમના માટે ખરેખર અમોએ દુ:ખદાયક અઝાબ તૈયાર કર્યો છે.

وَيَدۡعُ الۡاِنۡسَانُ بِالشَّرِّ دُعَآءَهٗ بِالۡخَيۡرِ ؕ وَكَانَ الۡاِنۡسَانُ
عَجُوۡلًا ⑪

(૧૧) અને ઇન્સાન બૂરી વસ્તુઓ માટે પણ એવી દુઆ માંગે છે જેવી કે સારી વસ્તુ માટે; અને ઇન્સાન અતિ ઉતાવળો છે.

وَجَعَلۡنَا الَّيۡلَ وَالنَّهَارَ اٰيَتَيۡنِ فَمَحَوۡنَاۤ اٰيَةَ الَّيۡلِ وَجَعَلۡنَاۤ اٰيَةَ
النَّهَارِ مُبۡصِرَةً لِّتَبۡتَغُوۡا فَضۡلًا مِّنۡ رَّبِّكُمۡ وَلِتَعۡلَمُوۡا عَدَدَ
السِّنِيۡنَ وَالۡحِسَابَ ؕ وَكُلَّ شَىۡءٍ فَصَّلۡنٰهُ تَفۡصِيۡلًا ⑫

(૧૨) અને અમોએ રાત્રિ તથા દિવસને (અમારી કુદરતની) બે નિશાનીઓ બનાવી છે પછી અમોએ રાત્રિની નિશાની ઝાંખી કરી નાખી અને અમોએ દિવસની નિશાની પ્રકાશિત કરી દીધી કે જેથી (તેમાં) તમે તમારા પરવરદિગારની કૃપા (રોઝી)ની ચાહના કરો, અને વળી એ માટે કે તમે વરસોની ગણતરી તથા હિસાબ સમજો; અને દરેક વસ્તુને અમોએ જોઇએ તેવી ખુલ્લી રીતે વર્ણવી દીધી છે.

وَكُلَّ اِنۡسَانٍ اَلۡزَمۡنٰهُ طٰۤـئِرَهٗ فِىۡ عُنُقِهٖ‌ ؕ وَنُخۡرِجُ لَهٗ يَوۡمَ الۡقِيٰمَةِ
كِتٰبًا يَّلۡقٰٮهُ مَنۡشُوۡرًا ﴿۱۳﴾

(૧૩) અને દરેક ઇન્સાનની કરણીને અમોએ તેના ગળાનો હાર બનાવી છે, અને કયામતના દિવસે અમે તેના માટે એક લખાણ કાઢીશું જેને તે તદ્દન ખુલ્લો નિહાળશે.

اِقْرَاْ كِتٰبَكَ ؕ كَفٰى بِنَفْسِكَ الْيَوْمَ عَلَيْكَ حَسِيْبًا ؕ﴿۱۴﴾

(૧૪) (પછી અમે તેને આજ્ઞા કરીશું કે) તારૂં લખાણ વાંચી લે; આજના દિવસે તારા પોતાનો હિસાબ લેવાને તું પોતેજ બસ છે.

مَنِ اهْتَدٰى فَاِنَّمَا يَهْتَدِىْ لِنَفْسِهٖ ۚ وَمَنْ ضَلَّ فَاِنَّمَا يَضِلُّ عَلَيْهَا ؕ وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى ؕ وَمَا كُنَّا مُعَذِّبِيْنَ حَتّٰى نَبْعَثَ رَسُوْلًا ﴿۱۵﴾

(૧૫) જેણે હિદાયત મેળવી તો તેણે પોતાના માટે હિદાયત મેળવી, અને જે ગુમરાહ થઇ ગયો તેની ગુમરાહી (નું માઠું પરિણામ) તેના પોતાના માટેજ છે; અને કોઇ બોજો ઊંચકનાર બીજા કોઇનો બોજો ઊંચકશે નહીં; અને જ્યાં સુધી અમે (કોઇ) રસૂલ મોકલતા નથી ત્યાં સુધી અઝાબ આપતા નથી.

وَإِذَآ أَرَدۡنَآ أَن نُّهۡلِكَ قَرۡيَةً أَمَرۡنَا مُتۡرَفِيهَا فَفَسَقُواْ فِيهَا فَحَقَّ عَلَيۡهَا ٱلۡقَوۡلُ فَدَمَّرۡنَٰهَا تَدۡمِيرٗا ﴿١٦﴾

(૧૬) અને જ્યારે અમે કોઇ વસ્તીનો નાશ કરવાનો મનસુબો કરીએ છીએ ત્યારે તે વસ્તીના વૈભવશાળી લોકોને (અમારી તાબેદારી કરવાનો) હુકમ કરીએ છીએ, પણ તેઓ તે (વસ્તી)માં

(અમારા હુકમો સંબંધી) નાફરમાની કરવા લાગે છે; એવી રીતે અમારો બોલ તેમના સંબંધમાં સાચો પૂરવાર થઇ જાય છે, જેથી અમે તેનો સંપૂર્ણ નાશ કરી નાખીએ છીએ.

وَكَمْ اَهْلَكْنَا مِنَ الْقُرُوْنِ مِنْۢ بَعْدِ نُوْحٍ ؕ وَكَفٰى بِرَبِّكَ بِذُنُوْبِ عِبَادِهٖ خَبِيْرًاۢ بَصِيْرًا ۝١٧

(૧૭) અને નૂહની પછી અમોએ કંઇ કેટલીયે પેઢીઓનો નાશ કરી નાખ્યો; અને તારો પરવરદિગાર પોતાના બંદાઓના ગુનાહોથી સંપૂર્ણપણે માહિતગાર છે અને બધુંજ જોઈ રહ્યો છે.

مَنْ كَانَ يُرِيْدُ الْعَاجِلَةَ عَجَّلْنَا لَهٗ فِيْهَا مَا نَشَآءُ لِمَنْ نُّرِيْدُ ثُمَّ
جَعَلْنَا لَهٗ جَهَنَّمَ ۚ يَصْلٰىهَا مَذْمُوْمًا مَّدْحُوْرًا ﴿۱۸﴾

(૧૮) જે (શખ્સ) ક્ષણભંગુર જગતનો ચાહનારો હોય છે તો તેમાંથી જેના માટે અમે જે ચાહીએ છીએ તે જલ્દીથી આપી દઇએ છીએ, પછી અમે તેના માટે જહન્નમ નક્કી કરીએ છીએ, તે તેમાં તિરસ્કારાએલો અને (અલ્લાહની રહેમતથી) નાસીપાસ થએલો દાખલ થશે.

وَمَنْ اَرَادَ الْاٰخِرَةَ وَسَعٰى لَهَا سَعْيَهَا وَهُوَ مُؤْمِنٌ فَاُولٰٓئِكَ كَانَ
سَعْيُهُمْ مَّشْكُوْرًا ﴿۱۹﴾

(૧૯) અને જે આખેરતનો ઇચ્છનારો થાય છે અને તે પ્રાપ્ત કરવા માટે એવી કોશિશ કરે કે જેવી કોશિશ કરવાનો હક છે એવી સ્થિતિમાં કે તે મોઅમીન પણ હોય તો તે લોકોની કોશિશનો (અવશ્ય) સ્વીકાર થશે.

كُلًّا نُّمِدُّ هٰٓؤُلَآءِ وَهٰٓؤُلَآءِ مِنْ عَطَآءِ رَبِّكَ ؕ وَمَا كَانَ عَطَآءُ رَبِّكَ مَحْظُورًا ﴿٢٠﴾

(૨૦) (અય રસૂલ!) અમે દરેકની-એમની પણ અને તેમની પણ- તારા પરવરદિગારની બક્ષિસો વડે સહાય કરતા રહીએ છીએ; અને તારા પરવરદિગારની બક્ષિસ કોઇના ઉપર પણ બંધ નથી.

اُنْظُرْ كَيْفَ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ ؕ وَلَلْاٰخِرَةُ اَكْبَرُ دَرَجٰتٍ وَّاَكْبَرُ تَفْضِيْلًا ﴿۲۱﴾

(૨૧) જો, અમોએ કેવી રીતે કેટલાકોને કેટલાકો પર શ્રેષ્ઠતા આપી છે; અને ખરેજ દરજ્જા અને શ્રેષ્ઠતાના સબંધમાં આખેરત વધુ ઉત્તમ છે.

لَا تَجْعَلْ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ فَتَقْعُدَ مَذْمُوْمًا مَّخْذُوْلًا ﴿۲۲﴾

(૨૨) અલ્લાહની સાથે કોઇ બીજો માઅબૂદ બનાવ નહિ. નહિ તો બૂરી રીતે બદનામ થઇને ત્યજી દીધેલી (હાલતમાં) બેસી રહીશ.

وَقَضٰى رَبُّكَ اَلَّا تَعْبُدُوْٓا اِلَّآ اِيَّاهُ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا ؕ اِمَّا
يَبْلُغَنَّ عِنْدَكَ الْكِبَرَ اَحَدُهُمَآ اَوْ كِلٰهُمَا فَلَا تَقُلْ لَّهُمَآ اُفٍّ
وَّلَا تَنْهَرْهُمَا وَقُلْ لَّهُمَا قَوْلًا كَرِيْمًا ﴿٢٣﴾

(૨૩) અને તારા પરવરદિગારે હુકમ આપી દીધો છે કે તમે તેના સિવાય બીજા કોઇની ઇબાદત કરો નહિ અને માબાપ સાથે નેકી કરતા રહો. અગર તેઓ બન્નેમાંથી એક અથવા બન્ને તારી સામે વૃદ્ધાવસ્થાએ પહોંચી જાય (અને કોઇ કારણે તારા ઉપર ક્રોધે ભરાય) તો તેમની સામે ઉફ પણ ન કર, તેમજ તેમને તરછોડ પણ નહિ, અને તેમની સાથે માયાળુપણે વાત કર.

وَاخۡفِضۡ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحۡمَةِ وَقُلۡ رَّبِّ ارۡحَمۡهُمَا
كَمَا رَبَّيٰنِیۡ صَغِيۡرًا ﴿۲۴﴾

(૨૪) અને તેમની પાસે નમ્રતાનો બાજુ માયાળુપણે ઝૂકાવ અને આ કહ્યા કર કે અય મારા પરવરદિગાર! આ બન્ને ઉપર એવીજ કૃપા ફરમાવ જેવી કે આ બન્નેએ મને નાનપણથી ઉછેરવામાં (કૃપા) કરી હતી.

رَبُّكُمۡ اَعۡلَمُ بِمَا فِیۡ نُفُوۡسِكُمۡ ؕ اِنۡ تَكُوۡنُوۡا صٰلِحِيۡنَ فَاِنَّهٗ كَانَ
لِلۡاَوَّابِيۡنَ غَفُوۡرًا ﴿۲۵﴾

(૨૫) તમારો પરવરદિગાર તમારા અંતઃકરણોમાં જે કાંઇ છે તેનાથી સારી રીતે વાકેફ છે; અગર તમે

સદાચારી રહેશો તો બેશક તે પણ (પોતાની તરફ) વારંવાર રજૂ થનારાઓને અતિ માફ કરનાર છે.

وَاٰتِ ذَا الۡقُرۡبٰى حَقَّهٗ وَالۡمِسۡكِيۡنَ وَابۡنَ السَّبِيۡلِ وَلَا تُبَذِّرۡ تَبۡذِيۡرًا ۝٢٦

(૨૬) અને તું નજીકના (સગાં-વહાલાં)ઓને તેમનો હક આપી દે તેમ નિરાધારો તથા મુસાફરોને પણ, અને ઉડાઉપણે ખર્ચ ન કર.

اِنَّ الۡمُبَذِّرِيۡنَ كَانُوۡۤا اِخۡوَانَ الشَّيٰطِيۡنِ‌ؕ وَكَانَ الشَّيۡطٰنُ لِرَبِّهٖ كَفُوۡرًا ۝٢٧

(૨૭) નિઃસંશય ઉડાઉ ખર્ચ કરનારા શૈતાનોના ભાઇઓ છે; અને શૈતાન પોતાના પરવરદિગારનો હંમેશથી અનુપકારી છે.

وَإِمَّا تُعۡرِضَنَّ عَنۡهُمُ ٱبۡتِغَآءَ رَحۡمَةٖ مِّن رَّبِّكَ تَرۡجُوهَا فَقُل لَّهُمۡ قَوۡلٗا مَّيۡسُورٗا ٢٨

(૨૮) અને અગર તું તારા પરવરદિગારની કૃપા પ્રાપ્ત કરવા માટે કે જેની તું આશા રાખે છે તેની રાહ જોતાં તેમનાથી મોંઢું ફેરવવું પડે તો (જ્યારે તું તેમની પાસે પાછો ફરે ત્યારે) તેમને નરમ શબ્દોથી સમજાવી લે.

وَلَا تَجۡعَلۡ يَدَكَ مَغۡلُوۡلَةً اِلٰى عُنُقِكَ وَلَا تَبۡسُطۡهَا كُلَّ الۡبَسۡطِ
فَتَقۡعُدَ مَلُوۡمًا مَّحۡسُوۡرًا ﴿۲۹﴾

(૨૯) અને તું તારો હાથ ગરદન સાથે બાંધેલો ન રાખ તેમજ એકદમ હાથ લંબાવ પણ નહિ કે જેથી ઠપકાને પાત્ર અને ઓશીયાળો બની જાય.

اِنَّ رَبَّكَ يَبۡسُطُ الرِّزۡقَ لِمَنۡ يَّشَآءُ وَيَقۡدِرُ ‌ؕ اِنَّهٗ كَانَ بِعِبَادِهٖ
خَبِيۡرًۢا بَصِيۡرًا ﴿۳۰﴾

(30) નિઃસંશય તારો પરવરદિગાર જેના માટે ચાહે છે રોઝી વિશાળ કરી દે છે અને (જેના માટે ચાહે છે) તંગ કરી નાખે છે; નિઃસંશય તે પોતાના

બંદાઓની (દરેક) સ્થિતિથી માહિતગાર અને નિહાળનારો છે.

وَلَا تَقْتُلُوْٓا اَوْلَادَكُمْ خَشْيَةَ اِمْلَاقٍ ؕ نَحْنُ نَرْزُقُهُمْ
وَاِيَّاكُمْ ؕ اِنَّ قَتْلَهُمْ كَانَ خِطْاً كَبِيْرًا ﴿۳۱﴾

(૩૧) અને ભૂખમરાના ભયથી તમારી ઔલાદને મારી ન નાખો; (કારણ કે) તેમને પણ અમેજ રોઝી આપીએ છીએ અને તમને પણ; બેશક તેમને મારી નાખવું (એ) ઘણોજ મોટો ગુનોહ છે.

وَلَا تَقْرَبُوا الزِّنٰٓى اِنَّهٗ كَانَ فَاحِشَةً ؕ وَسَآءَ سَبِيْلًا ﴿۳۲﴾

(૩૨) અને વ્યભિચાર પાસે (હરગિજ) ન જાઓ નિ:સંશય તે નિર્લજ્જપણા (નું કાર્ય) છે; અને અતિ બૂરો માર્ગ છે.

وَلَا تَقْتُلُوا النَّفْسَ الَّتِيْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ ؕ وَمَنْ قُتِلَ مَظْلُوْمًا فَقَدْ جَعَلْنَا لِوَلِيِّهٖ سُلْطٰنًا فَلَا يُسْرِفْ فِّي الْقَتْلِ ؕ اِنَّهٗ كَانَ مَنْصُوْرًا ﴿٣٣﴾

(33) અને જે કોઇ જીવ કે જેનું મારી નાખવું અલ્લાહે હરામ કર્યું છે તેને અન્યાયી રીતે મારી ન નાખો સિવાય કે ન્યાયી રીતે; અને જે કોઇ નિર્દોષ (હોવા છતાં) માર્યો જશે તો અમે તેના વારસને અવશ્ય સત્તા આપીશું, પણ તે ખૂન (નો બદલો

લેવા)માં હદ બહાર જાય નહિ; (કેમકે) નિ:સંશય તેને સહાય કરવામાં આવી છે.

وَلَا تَقْرَبُوْا مَالَ الْيَتِيْمِ اِلَّا بِالَّتِيْ هِيَ اَحْسَنُ حَتّٰى يَبْلُغَ اَشُدَّهٗ ۖ وَاَوْفُوْا بِالْعَهْدِ ۚ اِنَّ الْعَهْدَ كَانَ مَسْـُٔوْلًا ﴿٣٤﴾

(૩૪) અને યતીમના માલ પાસે સદ્હેતુ સિવાય જાઓ નહિ, જ્યાં સુધી કે તે બાલીગ (ઉંમર લાયક) થઇ ન જાય; અને આપેલા વાયદા પૂરા કરો, નિ:સંશય દરેક વાયદા સંબંધી સવાલ કરવામાં આવશે.

وَاَوْفُوا الْكَيْلَ اِذَا كِلْتُمْ وَزِنُوْا بِالْقِسْطَاسِ الْمُسْتَقِيْمِ ؕ ذٰلِكَ خَيْرٌ وَّاَحْسَنُ تَاْوِيْلًا ﴿٣٥﴾

(૩૫) અને જ્યારે માપ કરો ત્યારે માપ પૂરૂં આપો અને સાચા ત્રાજવાં વડે જોખો; એજ (તમારા માટે) સારૂં છે અને પરિણામે પણ તે બેહતર છે.

وَلَا تَقۡفُ مَا لَيۡسَ لَكَ بِهٖ عِلۡمٌ ؕ اِنَّ السَّمۡعَ وَالۡبَصَرَ وَالۡفُؤَادَ
كُلُّ اُولٰٓـئِكَ كَانَ عَنۡهُ مَسۡـُٔوۡلًا ﴿۳۶﴾

(૩૬) અને જે વાતની તને જાણ ન હોય તેની પાછળ ન પડ; નિઃસંશય કાન તથા આંખ તથા અંતઃકરણ એમાંથી દરેકને (કયામતના દિવસે) સવાલ કરવામાં આવશે.

وَلَا تَمۡشِ فِى الۡاَرۡضِ مَرَحًا ۚ اِنَّكَ لَنۡ تَخۡرِقَ الۡاَرۡضَ وَلَنۡ
تَبۡلُغَ الۡجِبَالَ طُوۡلًا ﴿۳۷﴾

(૩૭) અને જમીન પર અકડીને ન ચાલ, નિઃસંશય તું ન તો જમીનને (તારી અકડાઇથી) ફાડી શકશે અને ન (ઊંચો) વધીને પહાડોની ઊંચાઇએ પહોંચી શકશે.

كُلُّ ذٰلِكَ كَانَ سَيِّئُهٗ عِنۡدَ رَبِّكَ مَكۡرُوۡهًا ﴿۳۸﴾

(૩૮) આ માંહેની દરેક વાતની બૂરાઇ તારા પરવરદિગાર આગળ નાપસંદ છે.

ذٰلِكَ مِمَّاۤ اَوۡحٰۤى اِلَيۡكَ رَبُّكَ مِنَ الۡحِكۡمَةِ ؕ وَلَا تَجۡعَلۡ مَعَ اللّٰهِ

اِلٰهًا اٰخَرَ فَتُلۡقٰى فِىۡ جَهَنَّمَ مَلُوۡمًا مَّدۡحُوۡرًا ﴿۳۹﴾

(૩૯) (અય રસૂલ!) જે ડહાપણની વાતો તારા પરવરદિગારે તારી તરફ વહી દ્વારા ઉતારી છે તે

માંહેની આ (વાતો) છે; અને તું અલ્લાહની સાથે બીજો માઅબૂદ બનાવી ન લે નહિ તો (અય મનુષ્ય!) ઠપકાને પાત્ર બનીને (રહેમતથી) દૂર કરી જહન્નમમાં નાખી દેવામાં આવશે.

اَفَاَصْفٰكُمْ رَبُّكُمْ بِالْبَنِيْنَ وَاتَّخَذَ مِنَ الْمَلٰٓئِكَةِ اِنَاثًا ؕ اِنَّكُمْ
لَتَقُوْلُوْنَ قَوْلًا عَظِيْمًا ۴۰

(૪૦) (અય મુશરીકો!) ત્યારે શું બેટાઓ (આપવા) માટે તમારા અલ્લાહે તમનેજ ચૂંટી કાઢ્યા છે પોતાના માટે ફરિશ્તાઓમાંથી બેટીઓ લઇ લીધી છે? ખરેજ તમે આ ભારે બોલ બોલો છો.